◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

NEED24 NEWS
हर खबर, हर शहर

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN 24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

તેજ़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU | નીડ 24 ન્યૂઝ · દરેક ખબર, દરેક શહેર | 23 November 2026

NATIONAL

દેશના 8 રાજ્યોમાં હાઈવે પર મોતનું તાંડવ: અલગ-અલગ અકસ્માતોમાં 48 મોત, અનેક ઘાયલ



દેશના વિવિધ રાજ્યોમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોની હારમાળામાં કુલ 48 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ગુજરાત, રાજસ્થાન, બિહાર, તમિલનાડુ, તેલંગાણા, ઝારખંડ, મધ્યપ્રદેશ, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં બનેલી આ ગોઝારી દુર્ઘટનાઓએ અનેક પરિવારોમાં માતમ ફેલાવી દીધો છે.

ગુજરાતના કચ્છમાં કાર અને ટ્રેલર વચ્ચે ટક્કર: 7નાં મોત

કચ્છ જિલ્લાના ભુજ-ખાવડા નેશનલ હાઈવે પર ખાવડા નજીક વેકારિયાના રણ વિસ્તારમાં એક કાર અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારમાં ઉત્તરાખંડના કોટદ્વારનો એક પરિવાર સવાર હતો, જે કચ્છ ફરવા માટે આવ્યો હતો. આ દુર્ઘટનામાં મહિલાઓ અને બાળકો સહિત 7 લોકોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં. પ્રાથમિક વિગતો મુજબ મૃતકોમાં આર્મી પરિવારના સભ્યોનો પણ સમાવેશ થાય છે.

રાજસ્થાનના કોટા અને જોધપુરમાં અકસ્માતોમાં 12 લોકોએ જીવ ગુમાવ્યા

રાજસ્થાનમાં બે અલગ-અલગ દુર્ઘટનાઓમાં કુલ 12 લોકોનાં મોત થયાં છે. પ્રથમ ઘટનામાં, કોટા-ઉદયપુર નેશનલ હાઈવે પર શંભુપુરા ગામ પાસે ખાટુશ્યામજીના દર્શન કરીને પરત ફરી રહેલા પરિવારની ક્રુઝર ગાડી રસ્તાની બાજુમાં ઉભેલા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ડ્રાઈવરને ઝોકું આવી જતાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત થયો હતો, જેમાં બાળકો સહિત 9 લોકોનાં મોત થયાં હતાં અને 6 લોકો ઘાયલ થયા હતા. ઘાયલ વ્યક્તિના જણાવ્યા અનુસાર પરિવાર અલગ-અલગ ગાડીઓમાં મુસાફરી કરી રહ્યો હતો, જેમાંથી કેટલીક ગાડીઓ આગળ નીકળી ગઈ હતી અને પાછળ રહેલી ગાડીને અકસ્માત નડ્યાની જાણ ફોન પર થઈ હતી.

બીજી ઘટના જોધપુરમાં બની હતી, જ્યાં ગુજરાતથી રામદેવરા જઈ રહેલા એક જ પરિવારની કાર અને ટ્રાવેલ ટેમ્પો વચ્ચે ટક્કર થઈ હતી. હોસ્પિટલના અધિક્ષકના જણાવ્યા મુજબ આ અકસ્માતમાં 3 લોકોનાં મોત થયાં છે, જ્યારે 15 લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે મથુરાદાસ માથુર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તમિલનાડુમાં કાર ઝાડ સાથે અથડાતા 8નાં મોત

તમિલનાડુના તિરુચિરાપલ્લી ખાતે એક કારના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રસ્તાની બાજુના ઝાડ સાથે અથડાઈ હતી. આ ભયાનક ટક્કરમાં 8 લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય 2 લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

ઝારખંડમાં બે અલગ-અલગ દુર્ઘટનામાં 6નાં મોત

ઝારખંડ રાજ્યમાં પણ માર્ગ સલામતી જોખમાઈ હોય તેમ બે જુદા-જુદા સ્થળોએ થયેલા માર્ગ અકસ્માતોમાં કુલ 6 લોકોનાં મોત નીપજ્યાં છે.

બિહારમાં લગ્ન પ્રસંગેથી પરત ફરતા પરિવારની સ્કોર્પિયોને હાઈવાએ ટક્કર મારી

બિહારના બાઢ જિલ્લાના અથમલગોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સવનીમા પેટ્રોલ પંપ નજીક એક બેકાબૂ હાઈવા ટ્રકે સ્કોર્પિયો કારને જોરદાર ટક્કર મારી હતી. કારમાં 7 લોકો સવાર હતા, જેઓ લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. આ દુર્ઘટનામાં 3 મહિલાઓ સહિત 4 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે 3 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે બાઢ હોસ્પિટલ ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે PMCH રિફર કરવામાં આવ્યા છે.

તેલંગાણામાં લોરીએ ઓટો-રિક્ષાને અડફેટે લેતા 4નાં મોત

તેલંગાણાના વિકારાબાદ ખાતે એક પૂરપાટ ઝડપે આવતી લોરીએ ઓટો-રિક્ષાને ટક્કર મારી હતી. આ ઓટો-રિક્ષામાં એક જ પરિવારના સભ્યો મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માતમાં 3 મહિલાઓ સહિત કુલ 4 લોકોનાં કરુણ મોત નીપજ્યાં હતાં.

મધ્યપ્રદેશમાં ટ્રેક્ટર-ટ્રોલી પલટી જતાં 3નાં મોત, 30 ઘાયલ

મધ્યપ્રદેશમાં હાઈવે પરથી પસાર થઈ રહેલી એક ટ્રેક્ટર-ટ્રોલી અચાનક પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં 3 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે 30 જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.

હરિયાણાના કરનાલમાં બે કારની ટક્કરમાં 2નાં મોત

હરિયાણાના કરનાલમાં બે કાર સામસામે અથડાતા 10 વર્ષના માસૂમ બાળક સહિત 2 લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ ઉપરાંત અકસ્માતમાં 3 થી 4 લોકોને ઈજાઓ પહોંચી હતી.

ઉત્તરપ્રદેશના ફતેહપુરમાં ડબલ ડેકર બસ અને ટ્રક વચ્ચે અકસ્માત

ઉત્તરપ્રદેશના ફતેહપુર ખાતે દિલ્હીથી વારાણસી જઈ રહેલી એક ડબલ ડેકર બસ ટ્રક સાથે ટકરાઈ હતી. આ અકસ્માતમાં 2 મુસાફરોનાં મોત થયાં હતાં, જ્યારે 15 મુસાફરો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તો પૈકી 7 લોકોની હાલત અત્યંત નાજુક હોવાનું જણાવાયું છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

CRIME

બોપલમાં બાઈક ચોરી, આરોપીઓ ફરાર; તપાસ ચાલુ



અમદાવાદના બોપલ વિસ્તારમાં એક બાઈક ચોરીની ઘટના બની. સ્થાનિક રહેવાસીઓની જાણ મુજબ, અપરાધ સ્થળે બાઈકને બળાત્કારી રીતે કાપી લેવામાં આવી.

ચોરી બાદ આરોપીઓ સ્થળેથી ભાગી ગયા, જેના કારણે પોલીસને તાત્કાલિક કાર્યવાહી કરવી પડી. પોલીસ અધિકારીઓએ ઘટના સ્થળની તપાસ શરૂ કરી અને સુરક્ષા કેમેરા વિડિયો અને સાક્ષીઓની જાણકારી એકત્રિત કરી રહી છે.

તપાસની પ્રગતિને ધ્યાનમાં રાખીને, પોલીસએ જાહેરને સહયોગ માટે વિનંતી કરી છે અને આરોપીઓની ઓળખ માટે તમામ ઉપલબ્ધ માહિતી એકત્રિત કરી રહી છે. તપાસ ચાલુ છે અને વધુ માહિતી મળતા અપડેટ આપવામાં આવશે.

— HEETESH SOHAN SHING, Ahmedabad

INTERNATIONAL

બાંગ્લાદેશમાં ફરી હિંસા: નેતાઓ-કાર્યકરોના 30થી વધુ મકાનોને આગચંપી, 200 ઘરોને ટાર્ગેટ કરાયાનો દાવો



બાંગ્લાદેશમાં રાજકીય હિંસાએ ફરી એકવાર ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દેશના નરૈલ જિલ્લાના કાલિયા ઉપજિલ્લા સ્થિત બેન્દારચર ગામમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પાર્ટી 'અવામી લીગ'ના નેતાઓ અને કાર્યકરોની મિલકતો પર મોટા પાયે હુમલા કરીને અંદાજે 30 થી વધુ મકાનો અને અનેક દુકાનોને આગ ચાંપી દેવામાં આવી છે. શુક્રવાર (20 નવેમ્બર) બપોરથી શરૂ થયેલી આ હિંસા મોડી રાત સુધી ચાલુ રહી હતી, જેમાં લૂંટફાટ અને તોડફોડ પણ કરવામાં આવી હતી. દેશના અન્ય ભાગોમાં પણ હિંસા ફેલાતા સુરક્ષા દળોનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.

પૂર્વ સાંસદ અને મેયરના ઘર સળગાવ્યા

સ્થાનિક મીડિયા 'પ્રથમ આલો' અને 'bdnews24'ના અહેવાલ મુજબ, બેન્દારચર ગામ ઉપરાંત બરદિયા બજાર વિસ્તારમાં પણ ઘણી દુકાનોમાં આગ લગાડવામાં આવી હતી. આ હુમલાઓમાં અવામી લીગના પૂર્વ સાંસદ બી.એમ. કબીરુલ હક મુક્તિનું પૈતૃક નિવાસસ્થાન, કાલિયા નગરપાલિકાના પૂર્વ મેયર મુશફિકુર રહેમાન લિટન અને સ્થાનિક પાર્ટી મહાસચિવ કૃષ્ણપદ ઘોષના ઘરોને પણ નિશાન બનાવીને આગને હવાલે કરવામાં આવ્યા હતા.

ફાયર બ્રિગેડનો રસ્તો રોકાયો

કાલિયા ફાયર સર્વિસ સ્ટેશન ઓફિસર હુમાયુ કબીરે જણાવ્યું હતું કે, શુક્રવારે સાંજે 4 વાગ્યાની આસપાસ આગ લાગવાની માહિતી મળી હતી. પરંતુ હુમલાખોરોએ રસ્તા પર ઝાડ પાડીને અવરોધ ઊભો કર્યો હોવાથી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી શકી ન હતી. ટીમ પહોંચી ત્યાં સુધીમાં મોટાભાગની આગ ઓલવાઈ ગઈ હતી અને ઓછામાં ઓછા 20થી 25 પરિવારોના 50થી વધુ રહેણાંક માળખા બળીને ખાખ થઈ ગયા હતા.

BNP નેતાઓની હત્યાનો વળતો હુમલો

આ સમગ્ર હિંસા પાછળનું તાત્કાલિક કારણ બુધવારે (18 નવેમ્બર) સાંજે બનેલી એક ઘટના હોવાનું મનાય છે. અવામી લીગના સભ્યો દ્વારા કથિત હિંસાના વિરોધમાં કાલિયા ખાતે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) દ્વારા એક સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ સરઘસ પર થયેલા હુમલામાં BNPના બે સ્થાનિક નેતાઓના મોત થયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. BNPના નેતાઓ અને કાર્યકરોએ આ હત્યાઓ માટે અવામી લીગના સભ્યોને જવાબદાર ઠેરવ્યા હતા. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોના સંબંધીઓ અને સમર્થકોએ અન્ય લોકો સાથે મળીને હત્યામાં સામેલ હોવાની શંકા ધરાવતા અવામી લીગના કાર્યકરોના ઘરો પર વળતો હુમલો કર્યો હતો.

લૂંટફાટ અને બુલડોઝર ફેરવ્યાનો આરોપ

બીજી તરફ, અવામી લીગે આરોપ લગાવ્યો છે કે નરૈલમાં તેમના નેતાઓ, કાર્યકરો અને પરિવારોના 200 થી વધુ ઘરોને સુનિયોજિત ષડયંત્ર હેઠળ નિશાન બનાવવામાં આવ્યા છે. પાર્ટીના જણાવ્યા મુજબ, સૂર્યાસ્ત બાદ હુમલાખોરોના ટોળા ગામમાં ઘૂસ્યા હતા અને અવામી લીગ સાથે જોડાયેલા ઘરોની ઓળખ કરીને ફર્નિચર, રોકડ, દાગીના અને પશુધન લૂંટી લીધા બાદ ઘરો પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી હતી. કેટલીક મિલકતોને બુલડોઝરથી તોડી પાડવામાં આવી હોવાનો પણ દાવો કરાયો છે.દેશભરમાં નેતાઓના ઘરો પર હુમલાનો આક્ષેપ

અવામી લીગના વિદ્યાર્થી સંગઠન (બાંગ્લાદેશ છાત્ર લીગ) ના અધ્યક્ષ હુસૈન સદ્દામે સોશિયલ મીડિયા પર દાવો કર્યો છે કે નરૈલ અને પબના ઉપરાંત દેશભરમાં પાર્ટીના પ્રેસિડિયમ સભ્યો, પૂર્વ મંત્રીઓ, સાંસદો અને વોર્ડ સ્તરના સેંકડો નેતાઓના ઘરો પર હુમલા, તોડફોડ અને આગજની કરવામાં આવી છે. બીજી તરફ, અવામી લીગે આ આગજની માટે BNP અને જમાત-એ-ઈસ્લામીના સમર્થકોને જવાબદાર ઠેરવી માનવાધિકાર સંગઠનો પાસે સ્વતંત્ર તપાસની માંગ કરી છે. પાર્ટીએ ગંભીર આક્ષેપ લગાવ્યો છે કે BNP ના વરિષ્ઠ નેતા રિઝવી, રાજ્યમંત્રી અમિત અને સ્થાનિક સાંસદ બિશ્વાસ જહાંગીર આલમે સ્થળ પર હાજર રહીને હિંસાને પ્રોત્સાહન આપ્યું હતું અને તેનું સંચાલન કર્યું હતું.

હસીનાની વાપસીની જાહેરાતથી તણાવ

India

બાંગ્લાદેશમાં ફરી હિંસા: નેતાઓ-કાર્યકરોના 30થી વધુ મકાનોને આગચંપી, 200 ઘરોને ટાર્ગેટ કરાયાનો દાવો

By GS Team

22 Nov 2026

3 mins read

Add as a preferred

source on Google

TukuTouch Logo

બાંગ્લાદેશના નરૈલ જિલ્લાના બેન્દારચર ગામમાં રાજકીય હિંસા ભડકી ઉઠી છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની 'અવામી લીગ'ના નેતાઓ અને કાર્યકરોના 30થી વધુ મકાનો અને દુકાનોને આગ ચાંપી દેવાઈ. આ હિંસામાં પૂર્વ સાંસદ અને મેયરના ઘર પણ સળગાવવામાં આવ્યા. BNPના બે નેતાઓની હત્યાના વળતા પ્રહાર રૂપે આ હુમલા થયા હોવાનું મનાય છે. સુરક્ષા દળો તૈનાત કરાયા છે.

00:00

00:21

Summarized by AI; it may make mistakes. Check important info

બાંગ્લાદેશમાં ફરી હિંસા: નેતાઓ-કાર્યકરોના 30થી વધુ મકાનોને આગચંપી, 200 ઘરોને ટાર્ગેટ કરાયાનો દાવો

Bangladesh Violence : બાંગ્લાદેશમાં રાજકીય હિંસાએ ફરી એકવાર ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દેશના નરૈલ જિલ્લાના કાલિયા ઉપજિલ્લા સ્થિત બેન્દારચર ગામમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પાર્ટી 'અવામી લીગ'ના નેતાઓ અને કાર્યકરોની મિલકતો પર મોટા પાયે હુમલા કરીને અંદાજે 30 થી વધુ મકાનો અને અનેક દુકાનોને આગ ચાંપી દેવામાં આવી છે. શુક્રવાર (20 નવેમ્બર) બપોરથી શરૂ થયેલી આ હિંસા મોડી રાત સુધી ચાલુ રહી હતી, જેમાં લૂંટફાટ અને તોડફોડ પણ કરવામાં આવી હતી. દેશના અન્ય ભાગોમાં પણ હિંસા ફેલાતા સુરક્ષા દળોનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.કેલેન્ડર જુઓ

પૂર્વ સાંસદ અને મેયરના ઘર સળગાવ્યા

સ્થાનિક મીડિયા 'પ્રથમ આલો' અને 'bdnews24'ના અહેવાલ મુજબ, બેન્દારચર ગામ ઉપરાંત બરદિયા બજાર વિસ્તારમાં પણ ઘણી દુકાનોમાં આગ લગાડવામાં આવી હતી. આ હુમલાઓમાં અવામી લીગના પૂર્વ સાંસદ બી.એમ. કબીરુલ હક મુક્તિનું પૈતૃક નિવાસસ્થાન, કાલિયા નગરપાલિકાના પૂર્વ મેયર મુશફિકુર રહેમાન લિટન અને સ્થાનિક પાર્ટી મહાસચિવ કૃષ્ણપદ ઘોષના ઘરોને પણ નિશાન બનાવીને આગને હવાલે કરવામાં આવ્યા હતા.

ફાયર બ્રિગેડનો રસ્તો રોકાયો

કાલિયા ફાયર સર્વિસ સ્ટેશન ઓફિસર હુમાયુ કબીરે જણાવ્યું હતું કે, શુક્રવારે સાંજે 4 વાગ્યાની આસપાસ આગ લાગવાની માહિતી મળી હતી. પરંતુ હુમલાખોરોએ રસ્તા પર ઝાડ પાડીને અવરોધ ઊભો કર્યો હોવાથી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી શકી ન હતી. ટીમ પહોંચી ત્યાં સુધીમાં મોટાભાગની આગ ઓલવાઈ ગઈ હતી અને ઓછામાં ઓછા 20થી 25 પરિવારોના 50થી વધુ રહેણાંક માળખા બળીને ખાખ થઈ ગયા હતા.

BNP નેતાઓની હત્યાનો વળતો હુમલો

આ સમગ્ર હિંસા પાછળનું તાત્કાલિક કારણ બુધવારે (18 નવેમ્બર) સાંજે બનેલી એક ઘટના હોવાનું મનાય છે. અવામી લીગના સભ્યો દ્વારા કથિત હિંસાના વિરોધમાં કાલિયા ખાતે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) દ્વારા એક સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ સરઘસ પર થયેલા હુમલામાં BNPના બે સ્થાનિક નેતાઓના મોત થયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. BNPના નેતાઓ અને કાર્યકરોએ આ હત્યાઓ માટે અવામી લીગના સભ્યોને જવાબદાર ઠેરવ્યા હતા. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોના સંબંધીઓ અને સમર્થકોએ અન્ય લોકો સાથે મળીને હત્યામાં સામેલ હોવાની શંકા ધરાવતા અવામી લીગના કાર્યકરોના ઘરો પર વળતો હુમલો કર્યો હતો.

લૂંટફાટ અને બુલડોઝર ફેરવ્યાનો આરોપ

બીજી તરફ, અવામી લીગે આરોપ લગાવ્યો છે કે નરૈલમાં તેમના નેતાઓ, કાર્યકરો અને પરિવારોના 200 થી વધુ ઘરોને સુનિયોજિત ષડયંત્ર હેઠળ નિશાન બનાવવામાં આવ્યા છે. પાર્ટીના જણાવ્યા મુજબ, સૂર્યાસ્ત બાદ હુમલાખોરોના ટોળા ગામમાં ઘૂસ્યા હતા અને અવામી લીગ સાથે જોડાયેલા ઘરોની ઓળખ કરીને ફર્નિચર, રોકડ, દાગીના અને પશુધન લૂંટી લીધા બાદ ઘરો પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી હતી. કેટલીક મિલકતોને બુલડોઝરથી તોડી પાડવામાં આવી હોવાનો પણ દાવો કરાયો છે.દેશભરમાં નેતાઓના ઘરો પર હુમલાનો આક્ષેપ

અવામી લીગના વિદ્યાર્થી સંગઠન (બાંગ્લાદેશ છાત્ર લીગ) ના અધ્યક્ષ હુસૈન સદ્દામે સોશિયલ મીડિયા પર દાવો કર્યો છે કે નરૈલ અને પબના ઉપરાંત દેશભરમાં પાર્ટીના પ્રેસિડિયમ સભ્યો, પૂર્વ મંત્રીઓ, સાંસદો અને વોર્ડ સ્તરના સેંકડો નેતાઓના ઘરો પર હુમલા, તોડફોડ અને આગજની કરવામાં આવી છે. બીજી તરફ, અવામી લીગે આ આગજની માટે BNP અને જમાત-એ-ઈસ્લામીના સમર્થકોને જવાબદાર ઠેરવી માનવાધિકાર સંગઠનો પાસે સ્વતંત્ર તપાસની માંગ કરી છે. પાર્ટીએ ગંભીર આક્ષેપ લગાવ્યો છે કે BNP ના વરિષ્ઠ નેતા રિઝવી, રાજ્યમંત્રી અમિત અને સ્થાનિક સાંસદ બિશ્વાસ જહાંગીર આલમે સ્થળ પર હાજર રહીને હિંસાને પ્રોત્સાહન આપ્યું હતું અને તેનું સંચાલન કર્યું હતું.

હસીનાની વાપસીની જાહેરાતથી તણાવ

ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં હાલ તારિક રહેમાનના નેતૃત્વ હેઠળની BNP સરકાર સત્તામાં છે અને અવામી લીગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં જ પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ડિસેમ્બર 2026 માં ભારતથી બાંગ્લાદેશ પરત ફરવાની જાહેરાત કરી હતી. જોકે, વર્તમાન સરકારે તેમના નવા પાસપોર્ટ અને ઓળખપત્રની અરજી ફગાવી દીધી હતી. આ નિર્ણય બાદ અવામી લીગના સમર્થકોએ સરકાર વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા, જેના કારણે છેલ્લા કેટલાક દિવસોથી દેશના વિવિધ જિલ્લાઓમાં બંને પક્ષો વચ્ચે લોહિયાળ સંઘર્ષ અને આગજનીની ઘટનાઓ સતત વધી રહી છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

SPORTS

IND A vs PAK A: પાકિસ્તાન 313 રનમાં ઓલઆઉટ; ભારતના 4 બોલરોની 2-2 વિકેટ, મેચમાં ઉગ્ર બોલાચાલી



કોઈ મુદ્દે સામસામે આવી જતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેના કારણે અમ્પાયરે વચ્ચે પડીને મામલો શાંત પાડવો પડ્યો હતો અને ભારતીય કેપ્ટન તિલક વર્મા સાથે પણ ચર્ચા કરી હતી. આ ઉપરાંત, આઉટ થતા પહેલા શમીલ હુસૈને હર્ષિતની બોલિંગ અંગે ટિપ્પણી કરી હતી, જેનો જડબાતોડ જવાબ આપતા હર્ષિતે શમીલને આઉટ કર્યા બાદ બહાર જવાનો ઈશારો કરીને અને હસીને અત્યંત આક્રમક અંદાજમાં સેન્ડ-ઓફ આપ્યું હતું. વિવાદ વધતા અમ્પાયરે ફરી હસ્તક્ષેપ કરીને હર્ષિતને શાંત રહેવાની સલાહ આપી હતી.

મેચની શરૂઆતમાં ટોસ વખતે પણ અજીબોગરીબ ડ્રામા જોવા મળ્યો હતો. પાકિસ્તાન A ના કેપ્ટન અબ્દુલ સમદે 'હેડ્સ' કોલ કર્યો હોવા છતાં મેચ રેફરી નિયામુર રશીદે ભૂલથી 'ટેલ્સ' જાહેર કરતા ભારત ટોસ જીત્યું હોવાનું મનાયું હતું. જોકે, બંને કેપ્ટનોએ સિક્કો તપાસ્યા બાદ સમદે માઈક પર સ્પષ્ટ 'હેડ' હોવાનું જણાવતા રેફરીએ ભૂલ સુધારી પાકિસ્તાનને ટોસ વિજેતા જાહેર કર્યું હતું, અને આ દરમિયાન બંને કેપ્ટનોએ હાથ પણ મિલાવ્યા ન હતા. ટોસ હાર્યા બાદ ભારતીય કેપ્ટન તિલક વર્માએ જણાવ્યું હતું કે સૂકી પિચને જોતા તેઓ પણ પ્રથમ બેટિંગ કરવા જ માંગતા હતા, પરંતુ ઈજામાંથી સાજા થયા બાદ હર્ષિત અને પ્રિન્સે શાનદાર બોલિંગ કરી છે.આ મેચમાં ભારત Aની પ્લેઇંગ XIમાં વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, આયુષ બદોની, તિલક વર્મા (કેપ્ટન), કુમાર કુશાગ્ર (વિકેટકીપર), રિંકુ સિંહ, સૂર્યાંશ શેડગે, શાહબાઝ અહેમદ, વિપરાજ નિગમ, હર્ષિત રાણા અને પ્રિન્સ યાદવ રમી રહ્યા છે. જ્યારે પાકિસ્તાન Aની પ્લેઇંગ XIમાં શમીલ હુસૈન, માઝ સદાકત, રોહેલ નઝીર (વિકેટકીપર), હસન નવાઝ, અબ્દુલ સમદ (કેપ્ટન), ફરહાન યુસુફ, સાદ મસૂદ, મોહમ્મદ ઈમરાન રંધાવા, અહેમદ દાનિયાલ, સુફિયાન મુકીમ અને અલી રઝા સામેલ છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

અમદાવાદના ઈન્કમટેક્સ અધિકારી રૂ.8 લાખની લાંચ લેતા ઝડપાયા: જામનગર ACBની કાર્યવાહી, ઓડિટ રિઓપન ન કરવા માગી હતી રકમ



જામનગરમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો(ACB) દ્વારા 22 નવેમ્બરના રોજ સફળ ટ્રેપ ગોઠવીને અમદાવાદના ઓડિટ વિભાગના આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસરને રૂ.8 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. આરોપીએ ઇન્કમટેક્સ રિટર્નના એસેસમેન્ટ ઓડિટને ફરી ખોલવામાં ન આવે તે માટે ફરિયાદી પાસેથી લાંચની માંગણી કરી હતી અને છટકા દરમિયાન લાંચની રકમ સ્વીકારતા ACBની ટીમે તેમને ઝડપી લીધા હતા.

અમદાવાદના ઓડિટ વિભાગના આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસર લાંચ લેતા ઝડપાયા

પકડાયેલા આરોપીની ઓળખ વિનસકુમાર અમરચંદ સાવરીયા(ઉ.વ. 44) તરીકે થઈ છે. તેઓ અમદાવાદના નવરંગપુરા સ્થિત ઓડિટ ભવનમાં પીડી સેન્ટ્રલ હેઠળ આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસર (એ.એ.ઓ.), વર્ગ-બી તરીકે ફરજ બજાવે છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદીની ઓફિસના મેનેજિંગ ડિરેક્ટરે વર્ષ 2024-25માં ભરેલા ઇન્કમટેક્સ રિટર્ન અંગેની ક્વેરીનું નિરાકરણ થઈ ગયું હતું. આ ક્લોઝ થયેલા એસેસમેન્ટનું ઓડિટ ફરી રિઓપન ન કરવામાં આવે તે માટે આરોપીએ ફરિયાદી પાસે રૂબરૂમાં રૂ.8 લાખની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા ઇચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

લાંચ સ્વીકારેલી તમામ રકમ ACBએ રિકવર કરી

ફરિયાદના આધારે જામનગર ACB દ્વારા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે(22 નવેમ્બર) જામનગર-રાજકોટ હાઇવે પર ઇન્કમટેક્સ ઓફિસની બાજુમાં ત્રિમંદિર જવાના સાઇનબોર્ડ પાસે છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ દરમિયાન આરોપીએ ફરિયાદી સાથે વાતચીત કરી રૂ.8 લાખની લાંચની માંગણી કરી સ્વીકારી લેતાં ACBની ટીમે તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. ACBએ લાંચ સ્વીકારેલી તમામ રકમ રિકવર કરી લીધી હતી.

— sutariya kalpeshbhai haribhai, Surat

DEFENCE

જામનગરમાં અસામાજિક તત્ત્વો બેફામ! નશીલા પદાર્થો પર દરોડા દરમિયાન પોલીસ પર પથ્થરમારો, એક ખાખીધારી લોહીલુહાણ



જામનગર પોલીસ વિભાગની એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા નશીલા પદાર્થોના ગેરકાયદે વેપાર અને પ્રવૃત્તિઓ સામે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત રવિવારે(22 નવેમ્બર) રાત્રિના સમયે જામનગરના સિટી-સી ડિવિઝન પોલીસ મથક હેઠળના બાલાજી પાર્ક વિસ્તારમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ ઉપર અચાનક પથ્થરમારો કરવામાં આવતાં એક પોલીસ કર્મચારીને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનો બનાવ બન્યો હતો.

નશીલા પદાર્થો પર દરોડા દરમિયાન પોલીસ પર પથ્થરમારો

પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસ ટીમ નશીલા પદાર્થો સંબંધિત બાતમીના આધારે દરોડાની કામગીરી કરી રહી હતી. તે દરમિયાન અચાનક પોલીસ પાર્ટી ઉપર પથ્થરમારો થતાં દિગ્વિજયસિંહ નામના પોલીસ કર્મચારી ગંભીર રીતે ઘાયલ થયા હતા. પથ્થરમારામાં તેમના માથામાં ઇજાઓ થવાથી ભારે રક્તસ્રાવ થયો હતો તેમજ શરીરના અન્ય ભાગોમાં પણ ઇજાઓ પહોંચી હતી. બંને પોલીસ કર્મચારીઓ લોહીલુહાણ હાલતમાં થઈ જતાં તાત્કાલિક સારવારની જરૂર ઊભી થઈ હતી.

એક ખાખીધારી લોહીલુહાણ

બનાવની જાણ થતાં જ 108ની એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક બાલાજી પાર્ક વિસ્તારમાં પહોંચી હતી અને ઇજાગ્રસ્ત પોલીસ કર્મચારીને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ એલ.સી.બી. અને સિટી-સી ડિવિઝન પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી સંભવિત હુમલાખોરો તથા બનાવમાં સંડોવાયેલા શખસોની શોધખોળ માટે કોમ્બિંગ હાથ ધર્યું હતું.

હાલમાં ઇજાગ્રસ્ત પોલીસ કર્મચારીને જી.જી. હોસ્પિટલમાં તબીબી સારવાર આપવામાં આવી રહી છે. પોલીસ પાર્ટી ઉપર થયેલા આ અચાનક હુમલાને પગલે પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સંતરામપુરના ભંડારા ગામમાં દેવ દિવાળીએ ડોલ-થાળી સાથે ઉજવ્યું અનોખું ઢોલ-નાચ



સંતરામપુરના ભંડારા ગામમાં દેવ દિવાળીની પૂર્વ રાત્રે ડોલ-થાળી સાથે અનોખી ઉજવણી કરવામાં આવી. આ પ્રથા ગામની રીતી-રિવાજ મુજબ વર્ષોથી ચાલતી આવી છે.

ગામના યુવાનો રાત્રે ઢોલ, થાળી અને કુંડી લઈને દિવાળીનો ઢોલ વગાડતા અને આદિવાસી ભીલની પરંપરા પ્રમાણે નાચતા કુદતા ઘરે ઘરે જઈ ઢોલ નાચ કરે છે, જે તહેવારને આનંદમય બનાવે છે.

ઢોલ નાચમાં કોઈ પણ ભાગ લઈ શકે છે, પરંતુ વધારે પડતા યુવાનો જ ભાગ લે છે. આ પ્રથા ગામની ભાષામાં 'સાલો માંગવા જાય' તરીકે ઓળખાય છે.

સવારે વહેલા પૂર્વજોના શિરાઓનું પૂજન અને હવન કરવામાં આવે છે, જેમાં ઢોલની શરણાઈ સાથે પૂર્વજોને રિઝવવામાં આવે છે. ગામના આગેવાનો, વડીલો, બેનો અને બાળકો બધા જ લોકો ભેગા થઈને દેવ દિવાળી ને આનંદમય અને ઉલ્લાસભર્યો બનાવે છે.

— Dindor Maheshkumar Laljibhai

HEALTH

બિસ્લેરીનું પાણી પણ શુદ્ધ નથી, તપાસમાં મળ્યા કેન્સરના ખતરનાક કેમિકલ; FSSAI એ કરી કડક કાર્યવાહી



ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ 22 નવેમ્બર 2026ના રોજ જાણીતી પેકેજ્ડ વોટર કંપની બિસ્લેરી ઈન્ટરનેશનલ (Bisleri International) સામે કાયદેસરનો કેસ ચલાવવાની મંજૂરી આપી છે. અસુરક્ષિત પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર વેચવાના મામલે આ કાર્યવાહી કરવામાં આવી છે.પાણીના સેમ્પલમાં મળ્યા જોખમી તત્વો

બ્રોમેટ અને હાઈડ્રોકાર્બન્સની માત્રા વધુ: FSSAI ની તપાસમાં બિસ્લેરી ઈન્ટરનેશનલના પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના નમૂનામાં નિર્ધારિત મર્યાદા કરતા વધુ પ્રમાણમાં 'બ્રોમેટ' (Bromate) અને 'પોલીન્યુક્લિયર એરોમેટિક હાઈડ્રોકાર્બન્સ' (Polynuclear Aromatic Hydrocarbons) મળી આવ્યા છે. જેના કારણે આ પાણીને સ્વાસ્થ્ય માટે અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યું છે.

પ્રથમ અને બીજી તપાસમાં ફેલ: પ્રથમ તપાસમાં પાણીમાં 'બ્રોમેટ' (Bromate) ની માત્રા નિર્ધારિત મર્યાદા કરતા વધુ મળી આવી હતી. કંપનીએ તેના પર વાંધો ઉઠાવતા બીજી વખત તપાસ કરવામાં આવી, પરંતુ તેમાં પણ પાણી અસુરક્ષિત જણાયું અને તેમાં કેન્સર પેદા કરતા 'PAHs' (Polynuclear Aromatic Hydrocarbons) જેવા જોખમી તત્વો મળી આવ્યા.

Ads by

સીધા પરિસરમાંથી લેવાયા હતા સેમ્પલ: ખાસ વાત એ છે કે પાણીના આ સેમ્પલ બજારમાંથી નહીં, પરંતુ સીધા બિસ્લેરી કંપનીના પરિસરમાંથી જ લેવામાં આવ્યા હતા. બ્રોમેટ અને PAHs બંનેને કેન્સર સાથે જોડાયેલા પદાર્થોની શ્રેણીમાં રાખવામાં આવે છે. 50 વર્ષથી વધુ જૂની આ બ્રાન્ડ સામે ફૂડ સેફ્ટી એક્ટ, 2006 હેઠળ કેસ ચલાવવામાં આવશે.

એનર્જી ડ્રિંક લેબલ મામલે પણ FSSAIની કડકાઈ

મોટી કંપનીઓ સાથે વિવાદ: આ ઘટના એવા સમયે સામે આવી છે, જ્યારે FSSAI વિવિધ બેવરેજ કંપનીઓની તપાસ કરી રહ્યું છે. અગાઉ જૂન મહિનામાં FSSAI એ 'એનર્જી ડ્રિંક' (Energy Drink) ના લેબલના ઉપયોગ પર વાંધો ઉઠાવ્યો હતો, કારણ કે આ પીણાંમાં ખાંડનું પ્રમાણ ખૂબ જ વધુ હોય છે, અને આવા લેબલથી ગ્રાહકો ગેરમાર્ગે દોરાઈ શકે છે.

રેડ બુલને કોર્ટમાંથી સ્ટે, જાન્યુઆરીમાં સુનાવણી: રેડ બુલ (Red Bull), પેપ્સિકો, મોન્સ્ટર બેવરેજ અને રિલાયન્સ કન્ઝ્યુમરે FSSAI ના આ આદેશને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો છે. હાલમાં

રેડ બુલને કોર્ટ તરફથી સ્ટે મળ્યો છે, જેનાથી તે હાલ એનર્જી ડ્રિંક લેબલનો ઉપયોગ ચાલુ રાખી શકે છે, જ્યારે અન્ય કંપનીઓને વર્તમાન સ્ટોક પૂરો થયા બાદ આ લેબલ બંધ કરવા જણાવાયું છે. FSSAI એ રેડ બુલને મળેલી રાહતને પણ પડકારી છે, જેની આગામી સુનાવણી જાન્યુઆરીમાં થશે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

ધારી-અમરેલી રોડ પર બાઈક સ્લીપથી યુવાનને ગંભીર ઈજા, 108એ હોસ્પિટલમાં દાખલ

ધારી-અમરેલી રોડ પર આજે બાઈક સ્લીપ થઈને યુવાનને ગંભીર ઇજા થઈ. બાઈક સવાર યુવાન પોતાની બાઈક ચલાવી રહ્યો હતો, અચાનક બાઈક સ્લીપ થઈ ગઈ અને તે રોડ પર પડ્યો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી.

એમ્બ્યુલન્સને જાણ કરી. 108ની ટીમ ઘટનાસ્થળે પહોંચી, યુવાનને સ્ટ્રેચર પર મૂકીને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ સુધી પહોંચાડ્યો.

હાલ યુવાનની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અકસ્માતને કારણે થોડા સમય માટે રોડ પર ટ્રાફિક જામ થયો, અને પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી છે.

પોલીસ અને ટ્રાફિક અધિકારીઓએ બાઈક સવારોને સાવચેતી રાખવા અને હેલ્મેટ પહેરવાની સલાહ આપી છે.

— Rangpara Shaileshbhai

POLITICS

ધોળકાના સરગવાળા ગામે ખેડૂતોના આંદોલન દરમિયાન મોટો ઘટનાક્રમ સામે આવ્યો છે.



અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામે GSPL ગેસ પાઈપલાઈન નાખવાના મુદ્દે ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની ઘટના સામે આવી છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની જમીનમાંથી પસાર થતી ગેસ પાઈપલાઈન માટે યોગ્ય વળતર મળ્યું નથી અને પોલીસ બંદોબસ્ત વચ્ચે કામગીરી કરવામાં આવી રહી છે.

ખેડૂતોના સમર્થનમાં આમ આદમી પાર્ટીના નેતા બ્રિજરાજ સોલંકી પણ સરગવાળા ગામે પહોંચ્યા હતા અને ખેડૂતો સાથે વિરોધમાં જોડાયા હતા.

બીજી તરફ પોલીસના જણાવ્યા મુજબ, વિરોધ દરમિયાન પથ્થરમારો અને પોલીસ તથા GSPLના કર્મચારીઓ પર હુમલાની ઘટના બની હતી. આ ઘટનામાં પોલીસ અને કંપનીના કર્મચારીઓને ઈજા થઈ હોવાનો પોલીસનો દાવો છે.

આ મામલે AAP નેતા બ્રિજરાજ સોલંકી સહિત કુલ સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે.

હવે આ સમગ્ર મામલે ખેડૂતોના વળતરની માગ, પોલીસની કાર્યવાહી અને GSPLની કામગીરી અંગે અનેક સવાલો ઊભા થયા છે.

ખેડૂતોની માગ શું છે? પોલીસની કાર્યવાહી પાછળનું કારણ શું છે? અને શું ખેડૂતોને યોગ્ય વળતર મળશે?

આ તમામ સવાલોના જવાબ માટે હવે વહીવટી તંત્ર અને સંબંધિત પક્ષોનું નિવેદન મહત્વનું બની રહેશે.

સરગવાળા ગામ, ધોળકા તાલુકો, અમદાવાદ

— Trikmani Mayankkumar

CRIME

સુરતના ભેસ્તાનમાં સાયબર ફ્રોડ ગેંગના 4 સભ્યોને ધરપકડ, 5,72,500 રૂપિયા જપ્ત



સુરતના ભેસ્તાન વિસ્તારમાં રાજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સાયબર ફ્રોડ કરતી આંતરરાજ્ય ગેંગના ચાર સભ્યોને પોલીસ ધરપકડ કરી.

ગેંગે સ્થાનિક ગરીબોને 15 થી 16 હજાર રૂપિયાની લાલચ આપી બેંક એકાઉન્ટ ખોલાવી, ત્યારબાદ હરિયાણાના મેવાતમાં રહેલા સાયબર માફિયાઓને પૈસા મોકલતા.

પોલીસે આરોપીઓ પાસેથી રોકડ 4.47 લાખ રૂપિયા, 15 મોબાઇલ અને 22 ડેબિટ કાર્ડ સહિત કુલ 5,72,500 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો.

ચાર મુખ્ય સૂત્રધારોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

RELIGION

કાકાબળીયા બાપુના મંદિરે અંબિકા તાલુકાના પુના ગામમાં દેવઉઠી અગિયારસે જાત્રા યોજાઈ



અંબિકા તાલુકાના પુના ગામમાં ઓલણ નદીના કિનારે આવેલ કાકાબળીયા બાપુના મંદિરે દેવઉઠી અગિયારસે પરંપરાગત જાત્રા યોજાઈ.

આ જાત્રા ગામવાસીઓ અને આસપાસના વિસ્તારોના લોકોની ભાગીદારી સાથે યોજાઈ, જેમાં મંદિરની પ્રારંભિક પૂજા, ભજન-કીર્તન અને દેવઉઠી પ્રક્રિયા સમાવવામાં આવી.

સંપૂર્ણ કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુમેળભર્યો માહોલમાં સંપન્ન થયો, કોઈ અશાંતિ કે અકસ્માતની જાણ નથી.

— Maheta Dhavalkumar Jitendrabhai

સુરતના છાપરાભાઠા વિસ્તારમાં પતંગની દોરીથી યુવકનું જીવલેણ ઇજા



સુરત શહેરના છાપરાભાઠા વિસ્તારમાં ઉત્તરાયણ તહેવાર પહેલાં પતંગની દોરી ગળામાં ફસાઈ યુવકનું જીવલેણ ઇજા થઈ.

સાહિલ રાણા, 22 વર્ષીય, બાઈકે ઘરે પરત ફરતા સમયે દોરી ગળામાં આવી ગંભીર ઇજા પામી. આસપાસના લોકો દોડધામ મચાવીને તેમને મદદ કરી.

ઇજાગ્રસ્તને તાત્કાલિક સુરતની ન્યુ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, જ્યાં તેમને તાત્કાલિક સારવાર આપવામાં આવી.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

CRIME

અરેઠ તાલુકાના ધરમપોર ગામમાં દૂધ સહકારી ડેરી અને ગ્રામ પંચાયત ઓફિસમાં ચોરી-તોડફોડ, પોલીસએ એક યુવક વિરુદ્ધ કેસ નોંધ્યો



ગુજરાતના સુરત જિલ્લામાં આવેલ અરેઠ તાલુકાના ધરમપોર ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ડેરી અને ગ્રામ પંચાયતની ઓફિસને નિશાન બનાવી ચોરી અને તોડફોડની ઘટના નોંધાઈ.

અપરાધીઓએ ડેરીમાં રહેલી દૂધ અને અન્ય સામગ્રી ચોરી લેતા, ઓફિસની ખિડકીઓ અને દરવાજાઓને તોડી નષ્ટ કર્યા, જેના કારણે સ્થાનિક અધિકારીઓને ગંભીર ચિંતા થઈ.

તડકેશ્વર પોલીસએ તાત્કાલિક તપાસ શરૂ કરી અને ગામમાં જ રહેલા એક યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો. આરોપી પર કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

પોલીસ અધિકારીઓએ સ્થાનિક લોકોને સુરક્ષા માટે સાવચેત રહેવાની અને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરવા વિનંતી કરી.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

LOCAL

21 નવેમ્બર 2026: સુરત અને તાપી જિલ્લાઓમાં ઉદ્વહન સિંચાઈ યોજનાના ત્રણ કામોનું ખાતમૂહૂર્ત



21 નવેમ્બર 2026ના રોજ સુરત જિલ્લાના અંબિકા અને તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં ઉદ્વહન સિંચાઈ યોજનાના ત્રણ કામોનું ખાતમૂહૂર્ત થયું. આ કામો પૂર્ણ થયા પછી બંને તાલુકાના સંબંધિત વિસ્તારોને સિંચાઈની સુવિધા મળશે.

આ યોજનાના અંતર્ગત કરવામાં આવેલા ત્રણ કામોનું મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને પાણીની ઉપલબ્ધતા વધારવાનું અને કૃષિ ઉત્પાદનક્ષમતા સુધારવાનું હતું. આ કામોના ખાતમૂહૂર્તથી ખેડૂતોને વધુ સુવિધા અને સ્થિર પાણી પુરવઠો મળશે.

સુરત અને તાપી જિલ્લાઓમાં આ સિંચાઈ સુવિધા ખેડૂતો માટે મહત્વપૂર્ણ છે, કારણ કે તે પાકની ઉપજ વધારવામાં અને કૃષિ ક્ષેત્રમાં રોજગારી સર્જવામાં મદદરૂપ થશે. સરકારની આ પહેલથી સ્થાનિક કૃષિ સમુદાયને લાંબા ગાળાની લાભ મળશે.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

LOCAL

ધિ કોસંબા મર્કન્ટાઇલ કો-ઓપરેટિવ બેંકની ચૂંટણીમાં 15-15 ઉમેદવારોનો મુકાબલો, મતદાન આજે શરૂ



ધિ કોસંબા મર્કન્ટાઇલ કો-ઓપરેટિવ બેંકની ચૂંટણી માટે આજે સવારથી મતદાન શરૂ થયું છે, જેમાં વિકાસ પેનલ અને સંઘર્ષ સમિતિ વચ્ચે સીધો મુકાબલો છે.

બંને પેનલના 15-15 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જે બેંકના 7,000થી વધુ સભાસદો માટે મતદાનનું મહત્વપૂર્ણ પગલું છે.

મતદાન પ્રક્રિયા બેંકની શાખાઓમાં યોજાઈ રહી છે, અને સભાસદોને તેમના પસંદગીના ઉમેદવાર માટે મતદાન કરવા માટે સુવિધા આપવામાં આવી છે.

ચૂંટણીનું પરિણામ આવતીકાલે જાહેર થશે, અને નવા બોર્ડની રચના બેંકની કામગીરી અને નીતિ પર અસર કરશે.

LOCAL

કોસંબા ગામમાં નેશનલ હાઇવે 48 પર અજાણ્યા વાહન સાથે ટક્કરથી રાહદારીનું મૃત્યુ



કોસંબા ગામની સીમામાં નેશનલ હાઇવે 48 પર સહ્યોગ હોટલ સામે અજાણ્યા વાહનની ટક્કરથી એક રાહદારીનું મૃત્યુ થયું.

મુંબઈથી અમદાવાદ જતા માર્ગ પર રાહદાર રસ્તો ઓળંગી રહ્યો હતો, ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારી અને ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો.

ઘટના બાદ કોસંબા પોલીસે મૃતદેહનો કબજો લઈ ગુનો નોંધ્યો છે.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

HEALTH

સુરત જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન-2026 શરૂ, 3 દિવસમાં 1,96,225 બાળકોને બે ટીપાં



સુરત જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન-2026 આજથી શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનું મુખ્ય લક્ષ્ય ત્રણ દિવસમાં જન્મથી પાંચ વર્ષ સુધીનાં 1,96,225 બાળકોને પોલિયોના બે ટીપાં આપવાનું છે.

અભિયાનમાં નિર્ધારિત સમયગાળા દરમિયાન તમામ આરોગ્ય કેન્દ્રો અને ટીમો દ્વારા ટીકાકરણનું કાર્ય કરવામાં આવશે, જેથી દરેક લાયક બાળકને સમયસર ટીકાકરણ મળી શકે.

આ પહેલ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા સમર્થિત છે અને પોલિયો નાશ માટેની રાષ્ટ્રીય યોજનાનો ભાગ છે. સમયસર ટીકાકરણથી બાળકોમાં પોલિયોનું જોખમ દૂર કરી, સ્વસ્થ ભવિષ્યની ખાતરી કરવામાં આવશે.

સુરત જિલ્લામાં આ અભિયાનની સફળતા માટે સ્થાનિક અધિકારીઓ અને સમુદાયના સહકારની અપેક્ષા છે, જેથી નિર્ધારિત લક્ષ્યો સમયસર પૂર્ણ થઈ શકે.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

RELIGION

ચાંદની તેરસ પર બલેશ્વરના નવનિર્મિત માજીસા માતાજી મંદિરમાં મેળો



ચાંદની તેરસની ઉજવણીમાં ઓડિશાના બલેશ્વરમાં નવનિર્મિત માજીસા માતાજી મંદિરમાં વિશાળ મેળો યોજાયો. સ્થળ પર હજારો શ્રદ્ધાળુઓ એકત્રિત થયા.

મંદિરમાં પ્રવેશતા દર્શકોને માતાજીની દર્શન કરવાની તક મળી અને મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. ઉપાસનાનો ઉત્સાહ અને ભક્તિભાવ સ્પષ્ટ દેખાયો.

રાજસ્થાનના જેસોલમાં આવેલ માજીસા રાણી ભટિયાણીનું મંદિર છે, પરંતુ ગુજરાતમાં વેપાર-ધંધા માટે આવનારા રાજસ્થાની મારવાડી પરિવારોને ત્યાં સુધી જવું ન પડે તે માટે બલેશ્વરમાં નવું મંદિર નિર્મિત કરવામાં આવ્યું છે.

મેળો માત્ર ધાર્મિક કાર્યક્રમો સુધી સીમિત ન રહી, ત્યાં સ્થાનિક વેપારીઓ અને ખાદ્ય સ્ટોલ્સ પણ લગાડવામાં આવ્યા, જેનાથી ઉપસ્થિતોનું સામાજિક અને આર્થિક જોડાણ મજબૂત બન્યું.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

LOCAL

માહ્યાવંશી બ્લડ વોરિયર્સ ગ્રુપે 3 વર્ષમાં 269 દર્દીઓને 319 બોટલ રક્ત પહોંચાડ્યું



માહ્યાવંશી સમાજ બ્લડ વોરિયર્સ ગ્રુપે 3 વર્ષમાં 269 દર્દીઓને 319 બોટલ રક્ત
પહોંચાડ્યું. ભરૂચથી વાપી અને તાપી જિલ્લા ની હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ગ્રુપના સભ્યો રક્ત ઉપલબ્ધ કરાવે છે.
ગ્રુપની સ્થાપનાનાં ત્રણ વર્ષ પૂર્ણ થતાં 2025-2026 દરમિયાન રક્તદાન કરનારા દાતાઓ માટે સન્માન સમારોહ કરાયો
હતો. રવિવારે કડોદરાના મણિનગરમાં સ્થિત શ્રી પલસાણા તાલુકા માહ્યાવંશી પ્રગતિ મંડળ હોલમાં ડો. અંકિતભાઈ પરમારની અધ્યક્ષતામાં કાર્યક્રમ કરાયો.
આ સમારોહમાં આ નિર્ણયથી સ્થાનિક સ્તરે કચરા વ્યવસ્થાપનમાં સુધારો લાવવા માટેની
ગ્રુપના સભ્યો અને દાતાઓ ને માન્યતા આપી અને ગ્રુપની સફળ કાર્યક્રિયાઓ પ્રક્રિયા ઝડપથી આગળ વધશે.
ને પ્રશંસા કરી. આ પ્રયત્ન થી સ્થાનિક સમુદાય માં રક્તદાન ની જાગૃતિ વધારી અને જ

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

માંગરોળ તાલુકાની 49 વર્ષ જૂની કોસંબા મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંકની ચૂંટણીમાં 56.17% મતદાન, ભારે ગરમાગરમી વચ્ચે



માંગરોળ તાલુકામાં 49 વર્ષ જૂની કોસંબા મર્કેન્ટાઇલ કો-ઓપરેટિવ બેંકની ચૂંટણી યોજાઈ. આ ચૂંટણીમાં કુલ 7,600 નોંધાયેલ સભાસદોમાંથી 4,400 સભાસદોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો.

પરિણામ સ્વરૂપે 56.17 ટકા મતદાન નોંધાયું, જે સ્થાનિક સ્તરે નોંધપાત્ર ભાગીદારી દર્શાવે છે. મતદાનની આ ટકાવારી અગાઉની ચૂંટણીની તુલનામાં ઊંચી માનવામાં આવી રહી છે.

ચૂંટણી દરમિયાન ભારે ગરમાગરમી અને ઘર્ષણની જાણ કરવામાં આવી. વિવિધ પક્ષો અને ઉમેદવારો વચ્ચે તીવ્ર ચર્ચા અને વિરોધ પ્રદર્શિત થયો, છતાં પ્રક્રિયા સમયસર પૂર્ણ થઈ.

ચૂંટણીનું પરિણામ અને આગામી બેંકની કામગીરી સંબંધિત વિગતવાર માહિતી હજુ પ્રગટ થવાની બાકી છે, પરંતુ મતદાનની ઊંચી ટકાવારી સ્થાનિક સભાસદોની રસ અને ભાગીદારીને દર્શાવે છે.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

POLITICS

19 લાખના સેટલમેન્ટની વાઈરલ ચેટ પર વિવાદ, શહેર BJP પ્રમુખે મીડિયાને નોટિસ ફટકારવાની માંગ



19 લાખની કથિત સેટલમેન્ટની ચેટ વાયરલ થવાથી વિવાદ વધ્યો છે. આ ચેટમાં આરોપિત સેટલમેન્ટની વિગતો અને સંબંધિત વ્યક્તિઓની ચર્ચા કરવામાં આવી હતી, જેનાથી જનતામાં ચિંતાઓ ઊભી થઈ છે.

શહેર BJP પ્રમુખ પરેશ પટેલે જણાવ્યું કે તપાસ કરતા બદલે મીડિયાને નોટિસ ફટકારવી જોઈએ, જેનાથી રાજકીય અને પત્રકારત્વ વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

પારદર્શિતા અને જવાબદારી અંગેની ચિંતાઓ વચ્ચે, કેટલાક પત્રકારોએ મીડિયા સ્વતંત્રતાની રક્ષા કરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો, જ્યારે રાજકીય નેતાઓએ તપાસની જરૂરિયાત પર જોર આપ્યું.

આ ઘટનાએ સ્થાનિક સ્તરે રાજકીય જવાબદારી અને મીડિયા સ્વતંત્રતાની વચ્ચેનું સંતુલન કેવી રીતે જાળવવું તે અંગે પ્રશ્નો ઊભા કર્યા છે.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

LOCAL

મેટ્રો ટ્રાયલ રન ચાલુ, વરાછા, સીમાડા અને યોગી ચોકના મુસાફરોને ડિસેમ્બર 2027 સુધી રાહ



મેટ્રોના ટ્રાયલ રન ડ્રીમ સિટી અને ભેસાણ-અડાજણ રૂટ પર ચાલી રહ્યું છે, પરંતુ શહેરની સૌથી વધુ વસ્તી ધરાવતા વરાછા, સીમાડા અને યોગી ચોકના લાખો મુસાફરોને હજુ ડિસેમ્બર-2027 સુધી રાહ જોવી પડશે.

સીમાડા નાકા અને રણછોડ નગરને અડીને બનતું નેચર પાર્ક મેટ્રો સ્ટેશન મૂળ સમયમર્યાદા 24 મહિના મોડું ચાલી રહ્યું છે.

GMRCના 286 કરોડના અંદાજ સામે 34.4% વધુ એટલે કે 384.47 કરોડમાં કોન્ટ્રાક્ટ અપાયો હતો.

આ છતાં, 70% સિવિલ વર્ક બાદ પણ નવેમ્બર-2026માં સ્ટેશન પર સ્ટીલની છત કે ફિનિશિંગનું કામ હજુ અધૂરું છે.

— Maheta Dhavalkumar Jitendrabhai, Surat

LOCAL

સુપ્રીમ કોર્ટની ફટકાર પછી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લોઝ 2026 ની મંજૂરી, પાલિકાઓ દોડતી



સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાય-લોઝ 2026 ની અમલવારી માટે પાલિકાઓ દોડતી થઈ છે.
શનિવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં આ બાય-લોઝને મંજૂરી આપવામાં આવી છે.